# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-07-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## RUSHIKESH FOOD SAFETY

ખાદ્ય પદાર્થમાં ભેળસેળ કરનારાઓ સામે વધુ કડક કાર્યવાહી કરાશે. આ માટે સરકાર ખાદ્ય સલામતી અને પ્રમાણ અધિનિયમ 2006ની દંડની જોગવાઇમાં સુધારા કરશે. તે અંતર્ગત હાનિકારક ખોરાક ખાવાથી માનવ મૃત્યુના કિસ્સામાં 7 વર્ષથી આજીવન કેદની સજા અને 10 લાખ રૂપિયાના દંડ સુધીની જોગવાઈ કરાશે. અગાઉ કાયદામાં કોઈ લઘુત્તમ સજાની જોગવાઈ ન હતી. કાયદામાં સુધારા માટે સરકારે નગરિકો પાસેથી સૂચનો મંગાવ્યા હોવાનું આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું.

(બાઈટ- ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

. . . . .

# GNR CABINET MEETING

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં વડોદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ બ્રિજના સરવે બાદની સ્થિતિ, ખરાબ માર્ગ અંગે મુખ્યમંત્રીએ આપેલી સૂચના બાદ હાથ ધરાયેલા કાર્યો, રાજ્યમાં વરસાદ અને જળાશયોની સ્થિતિ, ખરીફ પાક અને ખાતરની અછત તેમજ રાજ્યભરમાં આગામી આયોજનો અને નીતિગત વિષય અંગે સમીક્ષા કરવામાં આવી.

. . . .

# STATE RAIN

રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ 57 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. સૌથી વધુ 64 ટકા વરસાદ કચ્છ વિસ્તાર અને સૌથી ઓછો 51 ટકા જેટલો પૂર્વ-મધ્ય ગુજરાતમાં નોંધાયો છે.

દરમિયાન રાજ્યમાં વરસાદનું જોર ધીમે-ધીમે વધી રહ્યું છે. ત્યારે આજે બપોરે 2 વાગ્યા સુધીમાં 57 તાલુકામાં વરસાદ થયાનાં અહેવાલ છે.

પંચમહાલ જિલ્લાના સાત તાલુકામાં અત્યાર સુધી કુલ 490.29 મિલીમીટર વરસાદ થયો છે. તો છોટાઉદેપુરમાં આઠ દિવસના વિરામ બાદ આજે વહેલી સવારથી ધીમી ધારે વરસાદ થયો. તેને લઈ ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ.

તાપીમાં પણ વ્યારા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો. વ્યારા, ડોલવણ, વાલોડ સહિતના પંથકમાં ત્રણથી ચાર દિવસના વિરામ બાદ ધીમી ધારે વરસાદ વરસ્યો હતો.

બીજી તરફ , હવામાન વિભાગે આગામી 28 જુલાઈ સુધી રાજ્યમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે આ શુક્રવારે નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળે ભારે વરસાદ થઈ શકે છે. તો માછીમારોને 26 જુલાઈ સુધી દરિયો ન ખેડવા પણ હવામાન વિભાગે સૂચના આપી છે.

. . . . . .

# ROAD REPAIRING

વરસાદના કારણે નુકસાનગ્રસ્ત થયેલા માર્ગોના સમારકામની કામગીરી વિવિધ જિલ્લામાં કરવામાં આવી રહી છે. ત્યારે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ દ્વારા મોરબી જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર 27 એટલેકે વાંકાનેરથી માળીયા માર્ગ પર સમારકામ હાથ ધરાયું. જામનગરમાં જળ સપાટી નજીક રહેલા બ્રિજના નીચેના ભાગોની મજબૂતાઈ અને સ્થિતિ જાણવા મોબાઈલ બ્રિજ તપાસ એકમ સક્રિય કરાયું છે.

. . . . .

# KHEDUT SALAH

રાજ્યમાં ખેડૂતો દ્વારા હાલ ચોમાસામાં ખરીફ પાકનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. ત્યારે ખેડૂતોને બિયારણ , ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી સમયે કાળજી રાખવા રાજ્યની ખેતી નિયામક કચેરીએ અનુરોધ કર્યો છે.

કચેરીના જણાવ્યા મુજબ , ખેડૂતોએ ખાતર અને દવાઓ અધિકૃત પરવાના ધરાવતી સંસ્થા કે વિક્રેતા પાસેથી જ ખરીદવી. તેમજ વિક્રેતા પાસેથી તમામ જરૂરી વિગત દર્શાવતી સહીવાળી પહોંચ લઈ લેવા પણ સલાહ અપાઈ છે. જ્યારે અનઅધિકૃત રીતે બિયારણ , ખાતર કે જંતુનાશકનું વેચાણ કરતા વિક્રેતાઓ અંગે તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારીને જાણ કરવા સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . .

# MEHSANA UNJHA MARKET

મહેસાણા જિલ્લાના ઊંઝા માર્કેટયાર્ડમાં અજમાની 500 થી 700 બોરીની આવક થઈ રહી છે. અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે અજમાના મણના ભાવ 500 થી 2 હજાર 500 રૂપિયા સુધીના રહ્યા છે. જ્યારે વધુ સારી ગુણવતાના અજમાના ભાવ 2 હજાર 200 થી 2 હજાર 500 સુધીના રહ્યા છે.

. . . . . . . . . . . . . .

# MAHISAGAR PAK VAVANI

રાજ્યના ખેડૂતો માટે કૃષિ વિભાગે "કૃષિ પ્રગતિ" મૉબાઈલ ઍપ્લિકેશન શરૂ કરી છે. તેના થકી ખેડૂતમિત્રો ખેતી સંબંધિત દરેક મહત્વની માહિતી એક જ મૉબાઈલ ઍપ્લિકેશન પર ઝડપી અને અસરકારક રીતે મેળવી શકશે. આ ઍપથી ખેડૂતો પોતાના પાક અંગેની તાજી માહિતીથી અવગત રહેશે. મહીસાગર જિલ્લા ખેતીવાડી અધિકારી જગદીશ પટેલે વધુને વધુ લોકોને આ ઍપ્લિકેશનનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે.

(BYTE: JAGDISH PATEL, KHETIVADI ADHIKARI, MAHISAGAR)

. . .